# અગ્રતા ક્રમ – ૨૨

| તારાંકિત પ્રશ્ન ક્રમાંક | ૧૫/૪/૨૩૧૦ |
|---|---|
| પૂરક પ્રશ્ન પુછનાર<br>માન. ધારાસભ્યશ્રીનું નામઃ | |

**પ્રશ્ન–૧ : કુલપતિની નિમણુંક બાબતે સરકારશ્રી દ્વારા પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ–૨૦૨૩ માં શું જોગવાઈ કરવામા આવેલ છે?**

**જવાબ :** સરકારશ્રી દ્વારા ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ–૨૦૨૩ અંતર્ગત યુનિવર્સિટીના અધિકારીઓ **પ્રકરણ– ૩**ની કલમ–૧૦ અનુસાર યુ.જી.સી.ના માપદંડ મુજબ કુલપતિની નિમણુંક કરવાની રહેશે. જે નીચે મુજબ છે.

**૧૦(૩)** રાજ્ય સરકાર દ્વારા કુલપતિની નિમણૂક યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન(યુજીસી)ના માપદંડ મુજબ, નીચેની રીતે કરવામાં આવશે:

**(ક)** કુલપતિની નિમણૂક માટે રાજ્ય સરકારને સૌથી વધારે યોગ્ય નામોની ભલામણ કરવા માટે, નીચેના સભ્યોની બનેલી એક શોધ સમિતિ રહેશે:–

(૧) રાજ્ય સરકાર દ્વારા નામનિયુક્ત કરવાનો સભ્ય, જે ન્યાયતંત્ર અથવા એકેડેમિક (શૈક્ષણિક) અથવા વહીવટમાંથી સૌથી વધુ લબ્ધ પ્રતિષ્ઠિત વરિષ્ઠ વ્યક્તિ રહેશે:

(૨) રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ હુકમથી રાજ્ય સરકારે નિર્દિષ્ટ કરેલી રીતે, સંયુક્ત રીતે સંચાલક મંડળ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલ દ્વારા અને સંસદના અધિનિયમથી સ્થપાયેલ ઉચ્ચ રાષ્ટ્રીય પ્રતિષ્ઠાની સંસ્થા અથવા સંગઠનના નિયામક અથવા વડા;

(૩) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી)ના પ્રતિનિધિ:

(૪) યુનિવર્સિટીના રજિસ્ટ્રાર, સમિતિમાં કોઈ મતાધિકાર વિના પસંદગી સમિતિના સભ્ય સચિવ તરીકે કાર્ય કરશે.

**(ખ)** રાજ્ય સરકારે નામનિયુક્ત કરેલો સભ્ય, સમિતિનો અધ્યક્ષ રહેશે.

**(ગ)** સમિતિમાં નામનિયુક્ત સભ્યો. સંબંધિત યુનિવર્સિટી અથવા કોઈ કોલેજ અથવા યુનિવર્સિટીની કોઈ માન્ય સંસ્થા સાથે ક્યારેય જોડાયા ન હોય તેવા વ્યક્તિઓ રહેશે'

**(ઘ)** સમિતિના ત્રણ સભ્યો હાજર ન હોય, તો સમિતિની કોઈપણ બેઠક યોજવી જોઈશે નહિ.

**(ચ)** સમિતિએ, કુલપતિ તરીકે નિમણૂક કરવા માટે રાજ્ય સરકારની વિચારણા માટે ૩ (ત્રણ) શ્રેષ્ઠ સક્ષમ વ્યક્તિઓની પેનલની ભલામણ કરવી જોઇશે. એવી રીતે ભલામણ કરાયેલી વ્યક્તિઓના નામ, કોઈ પસંદગી દર્શાવ્યા વિના મૂળાક્ષરોના ક્રમમાં હોવા જોઈશે. પેનલમાં સમાવિષ્ટ દરેક વ્યક્તિની યોગ્યતા પર વિગતવાર લેખન સાથે અહેવાલ જોડવો જોઈશે.

**(છ)** સૌથી સક્ષમ ઉમેદવારોની ભલામણ સુનિશ્ચિત કરવા, કુલપતિ તરીકેની નિમણૂક માટે નામોની ભલામણ માટે, પાત્રતાની શરતો અને કાર્યવાહીની બહોળી પ્રસિદ્ધિ કરવી જોઈશે.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| – | મુખ્ય જવાબ | ૨ |
| – | છેલ્લા બે વર્ષમાં અનુદાનિત યુનિવર્સિટીના કુલપતિઓની લાયકાત અંગેની ફરિયાદ અને તે પરત્વે લીધેલ પગલાં | ૩–૪ |
| ૧ | કુલપતિની લાયકાત બાબતે કોઈ કોર્ટ કેસો, જે અંગે નામ. કોર્ટ દ્વારા કોઈ આદેશ/ નિર્દેશ | ૫ |
| ૨ | નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આપેલ આદેશ/ નિર્દેશ અન્વયે રાજય સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ કાર્યવાહી | ૬ |
| ૩ | યુ.જી.સી. દ્વારા કુલપતિશ્રીની નિમણુંક અંગેની જોગવાઈ | ૭ |
| ૪ | યુ.જી.સી. દ્વારા કુલપતિશ્રીની નિમણુંક અન્વયેની સર્ચ કમિટી અંગેની જોગવાઈ અંગે. | ૮ |
| ૫ | કુલપતિની લાયકાતના યુ.જી.સી.ના ધારાધોરણો ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક–૨૦૨૩માં સામેલ છે કે કેમ | ૯ |

## યુનિવર્સિટીના કુલપતિઓની લાયકાત સંદર્ભે ફરિયાદ

* 15/4/2310 **શ્રી જિગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારના અનુદાનથી ચાલતી કઈ યુનિવર્સિટીના કુલપતિઓની લાયકાત સંદર્ભે રાજય સરકારને કેટલી ફરિયાદો મળી, | (૧) | આ બાબતે કુલ: ૦૫ (પાંચ) ફરિયાદ મળેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ૦૧ (એક) કોર્ટકેસ દાખલ થયેલ છે. |
| (૨) | મળેલ ફરિયાદો અન્વયે કઈ યુનિવર્સિટીના કુલપતિ સામે શા પગલા લીધાં, અને | (૨) | યુનિવર્સિટીઓમાં કુલપતિની લાયકાત સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા અપાયેલ નિર્દેશ મુજબ, કુલપતિશ્રીઓની નિમણુક માટેની સર્ચ કમિટીમાં રાજ્ય સરકાર દ્વારા UGCના પ્રતિનિધિની જોગવાઈ ફરજીયાત કરવામાં આવી છે.વધુમાં ગુજરાત કોમન યુનિવર્સિટી એક્ટ,૨૦૨૩ માં પણ યુનિવર્સિટીના કુલપતિની લાયકાત સંદર્ભે વિશેષ જોગવાઈઓ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ કઈ યુનિવર્સિટીના કુલપતિ સામે કયા કારણોસર પગલાં લેવાના બાકી છે? | (૩) | રાજ્ય સરકાર દ્વારા યુનિવર્સિટીના કુલપતિની લાયકાત અંગે કાયદામાં જરૂરી જોગવાઈઓ કરવામાં આવેલ હોઈ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## અગ્રતા ક્રમ: ૨૨

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક: *૧૫/૪૨૩૧૦

| ફરિયાદ કરનારનું નામ | કઈ યુનિવર્સિટી વિરુદ્ધની ફરિયાદ | ફરિયાદ કોના તરફથી મળેલ છે. | વિષય | ફરિયાદ અન્વયે કરેલ કાર્યવાહીની વિગત. |
|---|---|---|---|---|
| શ્રી દેવેશ એ.પાઠક | એમ.એસ. યુનિ , વડોદરા. | શિક્ષણ વિભાગ | અરજદારશ્રી દેવેશ એ.પાઠકની તા.૩૦/૧૧/૨૦૨૩ની રજુઆત | સદર બાબત અત્રેની કચેરી ખાતે કાર્યવાહી હેઠળ છે. |
| પ્રો. સતીશ પાઠક | એમ.એસ. યુનિ., વડોદરા | શિક્ષણ વિભાગ | અરજદારશ્રી પ્રો. સતીશ પાઠકની તા.૨૯/૦૯/૨૦૨૩ની રજુઆત | સદર બાબત અત્રેની કચેરી ખાતે કાર્યવાહી હેઠળ છે. |
| ડૉ. એન.પી.દવે | આઈ.આઈ.ટી.ઈ યુનિ.,ગાંધીનગર | શિક્ષણ વિભાગ | આઈ.આઈ.ટી.ઈ યુનિવર્સિટી, ગાંધીનગર તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર અન્વયે રજુઆત | સદર બાબત અત્રેની કચેરી ખાતે કાર્યવાહી હેઠળ છે. |
| અનામી | બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ., અમદાવાદ | શિક્ષણ વિભાગ | ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ચાલતી ગેરરીતિ બાબત | સદર બાબત અત્રેની કચેરી ખાતે કાર્યવાહી હેઠળ છે. |
| પરીન મર્ચન્ટ | બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ., અમદાવાદ | શિક્ષણ વિભાગ | કુલપતી અમી ઉપાધ્યાયની ગેરલાયકાત | સદર બાબત અત્રેની કચેરી ખાતે કાર્યવાહી હેઠળ છે. |

| ક્રમ | ફરિયાદની વિગતો | રીમાર્કસ |
| --- | --- | --- |
| ૦૧ | શ્રી દેવેશ પાઠક દ્વારા એમ.એસ.યુનિવર્સીટીના કુલપતિશ્રી યુ.જી.સી. ગાઈડલાઈન્સ મુજબ 10 વર્ષનો અનુભવ ન હોવા બાબતે લાયકાત સંદર્ભે ફરિયાદ કરેલ છે. તેમજ યુનિવર્સિટીમાં તેઓ દ્વારા લેવામાં આવેલ વિવિધ નિર્ણયો તેમજ તેઓના વર્તન અને જાહેર સમાચાર પત્રોમાં અવારનવાર પ્રસિદ્ધ થતા સમાચાર બાબતની ફરિયાદ કરેલ છે. | પ્રસ્તુત બાબતે નામદાર હાઇકોર્ટમાં પીટીશન દાખલ થયેલ છે જે હાલ સબ જ્યુડીશ છે. |
| ૦૨ | શ્રી સતીશ પાઠક દ્વારા એમ.એસ.યુનિવર્સીટીના કુલપતિશ્રી યુ.જી.સી. ગાઈડલાઈન્સ મુજબ 10 વર્ષનો અનુભવ ન હોવા બાબતે લાયકાત સંદર્ભે ફરિયાદ કરેલ છે. તેમજ તેઓની બિન કાર્યક્ષમતા, અસંવેદનશીલ વર્તનશૈલી , સ્વ કેન્દ્રીય વિચારસરણી , વિધાર્થીઓ વિરુદ્ધનિ કાર્યશૈલી થકી યુનિવર્સિટીનિ ગરિમાને ઠેસ પહોચેલ છે તે બાબતે ફરિયાદ કરેલ છે. | પ્રસ્તુત બાબતે નામદાર હાઇકોર્ટમાં પીટીશન દાખલ થયેલ છે જે હાલ સબ જ્યુડીશ છે |
| 03 | શ્રી એન.પી દવે દ્વારા IITE, ગાંધીનગરના કુલપતિશ્રી પાસે કુલપતિ પદ માટે યોગ્ય લાયકાત નથી તેમજ ચિલ્ડ્રન યુનિવર્સિટીના વધારાના ચાર્જ આપવા બાબતેની ફરિયાદ કરેલ છે. વધુમાં યુનિવર્સિટીના સ્ટાફ દ્વારા હડતાલ પર ઉતરવા બાબત તેમજ યુનિવર્સિટીમાં થયેલ ભરતીમાં ભ્રષ્ટાચાર બાબતોની ફરિયાદ કરેલ છે. | પ્રસ્તુત બાબત કાર્યવાહી હેઠળ છે. વધુમાં IITE, ગાંધીનગરના કુલપતિશ્રીની નિમણુક ગુજરાત વિદ્યાપીઠ ખાતે થતા તેમને ફરજમુક્ત કરવામાં આવેલ છે તથા નવા વાઈસ ચાન્સેલરશ્રીની નિમણુક માટે સર્ચ કમિટીની રચના કરવામાં આવેલ છે. |
| ૦૪ | આંબેડકર યુનિવર્સિટીમાં ચાલતી ગેરરીતી અન્વયેની અનામી અરજીમાં તત્કાલીન કાર્યકારી વાઈસ ચાન્સેલરશ્રી સામે કુલપતિ પદ માટે યોગ્ય લાયકાત ન હોવા બાબતની ફરિયાદ છે તેમજ તેઓના કુલસચિવ તરીકેના કાર્યમાં થયેલ ભ્રષ્ટાચાર તેમજ હોદ્દાના દુરુપયોગ બાબતની છે. | આંબેડકર યુનિવર્સિટીમાં કાર્યકારી વાઈસ ચાન્સેલરશ્રી હાલ ફરજ બજાવે છે. નવા વાઈસ ચાન્સેલરશ્રીની નિમણુક માટે સર્ચ કમિટી એ અહેવાલ રજુ કરેલ છે જે સરકારશ્રી કક્ષાએ વિચારણાધીન છે. |
| ૦૫ | શ્રી પરીન મર્ચન્ટ દ્વારા કાર્યકારી કુલપતિશ્રી આંબેડકર યુનિવર્સિટી સામે તેઓનિ નિમણુક ખોટી થયેલ હોવા બાબતેની ફરિયાદ છે. તેઓના કુલસચિવશ્રી તરીકેના કાર્યકાળમાં હિન્દી વિષયની પરીક્ષા પાસ કર્યા વગર તમજ પ્રોબેશન પીરીયડ પૂર્ણ થતા કાર્યકારી રજીસ્ટ્રાર બની બેઠેલા બાબત તેમજ પી.એચ.ડી.માં ગાઈડશીપ મળી ન હોવાથી પ્રોફેસર તરીકેની નિમણુક અયોગ્ય ઠેરવી તેઓની કુલપતિ તરીકેની નિમણુકને અયોગ્ય જણાવેલ છે. વધુમાં તેઓના કુલપતિશ્રી તરીકેના કાર્યકાળમાં થયેલ નિર્ણયો , કોર્ટ કેસો બાબતેનિ રજૂઆત છે. | આંબેડકર યુનિવર્સિટીમાં કાર્યકારી વાઈસ ચાન્સેલરશ્રી હાલ ફરજ બજાવે છે. નવા વાઈસ ચાન્સેલરશ્રીની નિમણુક માટે સર્ચ કમિટી એ અહેવાલ રજુ કરેલ છે જે સરકારશ્રી કક્ષાએ વિચારણાધીન છે. |

## (૧)

## કુલપતિની લાયકાત બાબતે કોઇ કોર્ટ કેસો, જે અંગે નામ. કોર્ટ દ્રારા કાઈ આદેશ/ નિર્દેશ

- કુલપતિશ્રીની લાયકાત બાબતે નામ.સુપ્રિમ કોર્ટમાં રીટ પીટીશન નં-૧૫૨૫/૨૦૧૯ દાખલ થયેલ. જેમાં નામ. સુપ્રિમ કોર્ટ દ્રારા રાજ્ય સરકારને યુ.જી.સી.,૨૦૧૮ના ગાઈડલાઈન મુજબ કુલપતિશ્રીની નિમણુંક અન્વયેની સર્ચ કમિટીમાં યુ.જી.સી.ના પ્રતિનિધીની નિમણૂંક કરવા સૂચન કરવામાં આવેલ.

## (૨)

## નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા આપેલ આદેશ/ નિર્દેશ અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ કાર્યવાહી

રાજ્ય સરકારશ્રી દ્વારા શિક્ષણ વિભાગના તા:૦૪/૦૫/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: સપચ-૨૩૨૦-સીસી-૨૩-ખ.૨ થી કુલપતિશ્રીની નિમણુંક અન્વયેની સર્ચ કમિટીમાં યુ.જી.સી.ના સભ્યની સમાવેશ કરવાની જોગવાઇ કરવામા આવેલ છે. વધુમાં, આ બાબત અંગેની જોગવાઇ કોમન યુનિવર્સિટી એકટ-૨૦૨૩ માં પણ કરવામાં આવેલ છે, પ્રવર્તમાન સમયમાં થયેલ અને ભવિષ્યમાં થનાર કુલપતીની નિમણૂંક અંગેની સર્ચ કમિટિમાં યુ.જી.સી નોમીનેટેડ સદસ્ય છે અને તેમની હાજરીમાં જ આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

(૩)

## યુ.જી.સી. દ્વારા કુલપતિશ્રીની નિમણુંક અંગેની જોગવાઈ

યુ.જી.સી.ના ૧૮ જુલાઈ, ૨૦૧૮ ના જાહેરનામા મુજબ યુનિવર્સિટીમાં કુલપતિની નિમણુંક માટે ઓછામા ઓછો ૧૦ વર્ષનો પ્રોફેસર તરીકે શૈક્ષણિક અનુભવ અથવા દસ વર્ષનો સમકક્ષ હોદ્દાનો પ્રતિષ્ઠિત સંશોધન સંસ્થાનો અનુભવ જરૂરી દર્શાવેલ છે.

## (૪)

## યુ.જી.સી. દ્વારા કુલપતિશ્રીની નિમણુંક અન્વયેની સર્ચ કમિટી અંગેની જોગવાઇ અંગે.

યુ.જી.સી.ના ૧૮ જુલાઇ, ૨૦૧૮ ના જાહેરનામા મુજબ યુનિવર્સિટીમાં કુલપતિની નિમણુંક અન્વયેની સર્ચ કમિટી ત્રણ અથવા પાંચ સ્ભ્યનોની બનેલ હોવી જોઇશે. જેમાં સભ્ય તરીકે ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલ પ્રતિષ્ઠિત વ્યકતિઓ હશે પરંતુ તેઓ યુનિ. સાથે કે તેને સંલગ્ન કોલેજો સાથે કાઇ પણ રીતે સંકળાયેલ ન હોવા જોઇએ તેમજ એક સભ્ય યુ.જી.સીનો પ્રતિનધિ તેઓ દ્વારા નિયૂકત થયેલ હોવો જોઇએ.

# (૫)

## કુલપતિની લાયકાતના યુ.જી.સી.ના ધારાધોરણો ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયક–૨૦૨૩માં સામેલ છે કે કેમ

**હા, સામેલ કરવામા આવેલ છે.**